**અખબારી યાદી**

**સભ્યસચિવશ્રી, ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષણ પસંદગી સમિતિ, ગાંધીનગર અખબારી યાદીમાં જણાવે છે કે,**

વિદ્યાસહાયક ભરતી (ધોરણ ૧ થી ૫ ગુજરાતી માધ્યમ) વર્ષ ૨૦૨૪ની ભરતી અન્વયે ધોરણ ૧ થી ૫ ના ઉમેદવારોની જિલ્લા પસંદગીની પ્રક્રિયા તા.૨૨/૦૫/૨૦૨૫ થી શરૂ કરવામાં આવેલ છે. સદર જિલ્લા પસંદગીની પ્રક્રિયા દરમ્યાન સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના **વાર્ષિક પરીક્ષા પદ્ધતિથી** સ્નાતક થયેલ ઉમેદવારોની માર્કશીટમાં છેલ્લા ખાનામાં માત્ર "**રિઝલ્ટ**" શબ્દનો ઉલ્લેખ કરવામાં આવેલ હોવાના કારણે પ્રથમ વર્ષ, બીજા વર્ષ અને ત્રીજા વર્ષની માર્કશીટના કુલગુણ અને મેળવેલ ગુણનો સરવાળો કરી ટકાવારી કાઢતાં ઉમેદવારોના મેરીટમાં ફેરફાર થતા ઉમેદવારોમાં અસંતોષ થવાની શકયતા હોવાથી કોઇ ઉમેદવારને અન્યાય ન થાય તે હેતુથી તા.૨૨/૦૫/૨૦૨૫ થી તા.૩૧/૦૫/૨૦૨૫ સુધી કરવામાં આવેલ જિલ્લા પસંદગીની પ્રક્રિયા રદ કરવાનો તેમજ વિદ્યાસહાયક ભરતીની પસંદગી પ્રક્રિયાના નિયમો તા.૨૦/૦૧/૨૦૧૭ ના જાહેરનામાના ફકરા ૮ (૨) (૧) મુજબ સ્નાતકની ત્રીજા વર્ષની માર્કશીટમાં દર્શાવેલ કુલ ગુણના આધારે જ મેરીટ ગણતરીમાં લઈ નવેસરથી જિલ્લા પસંદગીની પ્રક્રિયા હાથ ધરવાનો **ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષણ પસંદગી સમિતિ, ગાંધીનગરની** તા. ૩૧/૦૫/૨૦૨૫ની બેઠકમાં નિર્ણય કરવામાં આવેલ છે. આ સંદર્ભે નવેસરથી જિલ્લા પસંદગી અંગેનું સમયપત્રક ટૂંક સમયમાં વિદ્યાસહાયક ભરતી અંગેની વેબસાઇટ પર જાહેર કરવામાં આવશે જેની નોંધ સર્વે વિદ્યાસહાયક ભરતી (ધોરણ ૧ થી ૫ ગુજરાતી માધ્યમ)ના ઉમેદવારોએ લેવા જણાવવામાં આવે છે.

*****